પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૫૧ | ૨૧ નવેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; માગસર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કાર્તિ ચીદમ્બરને અમેરિકા જવા પરવાનગી



આવક કરતા વધુ સંપત્તિ મામલે કેસનો સામનો કરી રહેલા કાર્તિ ચીદમ્બરમને સુપ્રિમ કોર્ટે અમેરિકા જવા પરવાનગી આપી છે. દિકરીના એડમિશન માટે તેઓ ૧ થી ૧૦ ડિસેમ્બર દરમ્યાન અમેરિકા જશે.

### મ્યાનમાર-ભારતની સીમા પર ભૂકંપ

મણીપુર પાસે મ્યાનમાર-



ભારતની બોર્ડર પર ભૂકંપના આંચકા અનુભવાયા છે. રીક્ટર સ્કેલ પર તેની તિવ્રતા ૫.૦ની નોંધાઈ છે.

### દિલ્હી સરકાર વડીલોને યાત્રા કરાવશે

દિલ્હીની આપ સરકાર વડીલોને તીર્થયાત્રા દર્શન કરાવશે. દરેક વિધાનસભા મતવિસ્તારમાંથી એક હજાર વડીલોને ઋષિકેશ, હરદ્વાર સહિતના યાત્રાધામોની યાત્રા કરાવશે.

# અયોધ્યામાં રામ મંદિર અને લખનઉમાં મસ્જિદ-એ-અમન બને : શિયા વક્ફ બોર્ડ

## દેશમાં શાંતિ અને ભાઈચારાને જાળવી રાખવા પ્રસ્તાવ મૂકાયો




ન્યુ દિલ્હી/ગાઝિયાબાદ,તા.૨૦

રામ મંદિર મુદ્દે સહમતિ સાધવા આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા અને આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરે થોડા દિવસો પહેલા શિયા વક્ફ બોર્ડના પદાધિકારીઓ સાથે કરેલી મીટિંગ રંગ લાવી રહી હોય તેમ લાગી રહ્યું છે. ઉત્તરપ્રદેશ શિયા સેન્ટ્રલ વક્ફ બોર્ડે અયોધ્યાની વિવાદિત સાઈટ પર રામ મંદિર અને લખનઉમાં મસ્જિદ બાંધવાની દરખાસ્ત કરી છે.

શિયા વક્ફ બોર્ડના ચેરમેન સૈયદ વસીમ રિઝવીએ કહ્યું કે, ઉપરોક્ત દરખાસ્તને લઈ તેમણે વિવિધ પક્ષકારો સાથે ચર્ચા કરી છે. વિવિધ પક્ષો સાથે ચર્ચા બાદ અમે પ્રપોઝલ તૈયાર કરી છે. જે મુજબ રામ મંદિર અયોધ્યામાં અને મસ્જિ લખનઉમાં બાંધી શકાય છે.

તેમણે કહ્યું કે, આ પ્રકારના સમાધાનથી દેશમાં શાંતિ અને ભાઈચારો વધશે તેવો મને વિશ્વાસ છે. લાંબા સમયથી ચાલ્યા આવતા રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદને પરસ્પર સમજૂતિથી ઉકેલવા માટે રિઝવી તાજેતરમાં જ મહંત ધર્મદાસ, મહંત સુરેશદાસ સહિત ઘણા મહંતો સાથે મુલાકાત કરી હતી. સુપ્રીમ કોર્ટ પણ ૫ ડિસેમ્બર પહેલા આ મુદ્દાનું નિરાકરણ લાવવા પક્ષકારોને અપીલ કરી હતી.

અગાઉ શિયા વક્ફ બોર્ડે અયોધ્યામાં મંદિર અને નજીકના

● અનુસંધાન પાન-૫ પર

# સંસદનો સામનો કરવા માટેની મોદીમાં હિંમત નથી : સોનિયા

**કોંગ્રેસ કારોબારીમાં સોનિયા ગાંધીના પ્રહારો : આશ્ચર્યજનક કારણો આપીને સંસદનું શિયાળુ સત્ર ટાળી દેવામાં આવ્યું છે : નોટબંધી અને જીએસટીના મુદ્દે પ્રહાર**



નવી દિલ્હી,તા. ૨૦

કોંગ્રેસનું નેતૃત્વ રાહુલ ગાંધીને આપવા સાથે સંબંધિત પ્રસ્તાવ કારોબારીમાં પસાર થવાના પ્રસંગે પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીએ મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સોનિયા ગાંધીએ કોંગ્રેસ કારોબારી સમિતિને સંબોધન કરતા કહ્યું હતું કે, મોદી સરકારના અહંકારના કારણે સંસદીય લોકશાહી વ્યવસ્થાને માઠી અસર થઈ છે. ભાજપ પર સંસદનો સામનો કરવાની હિંમત નથી તેવો આક્ષેપ કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ આશ્ચર્યજનક કારણો આપીને સંસદમાં શિયાળુ

● અનુસંધાન પાન-૫ પર

# પદ્માવતીને વહેલી મંજુરી અંગેની માંગણી ફગાવાઈ

નવીદિલ્હી, તા. ૨૦

ફિલ્મ પદ્માવતીના સર્ટિફિકેશનની પ્રક્રિયાને ઝડપી કરવા માટેની માંગ કરતી ફિલ્મ નિર્માતાઓની માંગણીને સેન્સર બોર્ડે ફગાવી દીધી છે. કેન્દ્રીય સેન્સરબોર્ડે કહ્યું છે કે, પદ્માવતીની પણ નક્કી કરવામાં આવેલા નિયમો અને અરજીદારોની સંખ્યા મુજબ જ સમીક્ષા કરવામાં આવશે. પદ્માવતી હાલમાં વિવાદોના ઘેરામાં આવી ગઈ છે. રાજપૂત કર્ણી સેના સહિત વિરોધીઓ દ્વારા ફિલ્મની રજૂઆતને રોકવા માટેની માંગણી હાલના સમયમાં કરવામાં આવી રહી છે. બીજી બાજુ મધ્યપ્રદેશ અને પંજાબ સરકારે રાજ્યમાં પદ્માવતીની રજૂઆત પર પ્રતિબંધ મુકી દીધો છે. મધ્યપ્રદેશ અને પંજાબ સરકારે આ નિર્ણય લીધા બાદ આને લઈને હોબાળો મચે તેવી શક્યતા છે. ઈતિહાસ સાથે ચેડા કરીને આ ફિલ્મ બનાવવામાં આવી છે તેવા આક્ષેપ બાદ પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું છે કે, ફિલ્મને મધ્યપ્રદેશમાં રજૂ કરવામાં આવશે નહીં.

# ભાજપના વધુ ૨૯ ઉમેદવારો જાહેર

**મોડી સાંજે નવસારીના પિયુષ દેસાઈને ટિકિટ અપાઈ : ૨૯ ઉમેદવારોમાં ૯ ધારાસભ્યોને રિપિટ કરાયા જ્યારે ૧૪ને પડતા મુકાયા : ૩ મંત્રીઓ, ૨ પૂર્વ મંત્રીઓ અને ૨ સંસદીય સચિવો કપાયા : વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરા ઈડરના બદલે દસાડા અને પૂર્વ નાણામંત્રી સૌરભ પટેલને અકોટાને બદલે બોટાદની બેઠક અપાઈ**

નવી દિલ્હી-અમદાવાદ,તા. ૨૦

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ભાજપે આજે તેની ૨૮ ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી દીધી હતી. ભાજપે હજુ સુધી ૧૮૨ સભ્યોની ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ૧૩૪ ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. શુક્રવારના દિવસે ભાજપે ૭૦ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી જ્યારે શનિવારના દિવસે ૩૬ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરવામાં આવી હતી અને આજે સોમવારના દિવસે ત્રીજી યાદી જાહેર કરી દેવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાનાર છે. જે પૈકી પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરે અને બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાશે. ભાજપ પ્રમુખ અમિત શાહના નેતૃત્વમાં આ બેઠક યોજાઈ હતી જેમાં તમામ પ્રધાનો ઉપસ્થિત રહ્યા હતા. નવી યાદીમાં વર્તમાન ધારાસભ્ય અને વિધાનસભાના અધ્યક્ષ રમણ વારોના સમાવેશ થાય છે. રમણ વોરાને દસાડાની અનુસૂચિત જાતિ બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. આવી જ રીતે વર્તમાન ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી સૌરભ પટેલ બોટાદમાંથી ચૂંટણી લડશે. તેઓએ અગાઉની અવધિમાં બોટાદથી ચૂંટણી લડી ન હતી. તેઓ હાલમાં અકોટા મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રવક્તા આઈકે જાડેજાને ધાંગ્રધ્રામાંથી ટિકિટ આપવામાં આવી નથી. અહીંથી

● અનુસંધાન પાન-૫ પર

# કોંગ્રેસની પ્રથમ યાદીમાં બે ઉમેદવારો બદલાશે જ્યારે વધુ પાંચની જાહેરાત

ગાંધીનગર, તા.૨૦

કોંગ્રેસની પ્રથમ યાદી ગઈકાલે



મોડીરાત્રે જાહેર થયા બાદ આજ દિવસ દરમિયાન અસંતોષની આગ પ્રગટી હતી અને ક્યાંક પ્રસરી પણ હતી. ૭૭ ઉમેદવારોમાંથી ૪-૫ ઉમેદવારો બદલવાની રજૂઆતો ખૂબ જોરશોરથી હાઈકમાન્ડ પાસે આવી હતી. મોડીરાત સુધી મોવડીમંડળ નિર્ણય કરી શક્યુ ન હતુ પરંતુ બિનસત્તાવાર સૂત્રો મુજબ ભરૂચમાં જાહેર થયેલ કિરણ ઠાકોરે ઉમેદવારીપત્ર સવારે ભર્યું અને સાંજે વિધિવત રીતે પાછુ ખેંચ્યું હતું. તેમના સ્થાને જયેશ પટેલને મેન્ડેડ અપાયો છે. આ ઉપરાંત સુરતની વરાછા, મોરબી તથા રાજકોટ ગ્રામ્યના ઉમેદવાર બદલવા ઉચ્ચ કક્ષાએ ચર્ચાઓ ચાલી હતી. હજુ સુધી નિર્ણય જાહેર કરી શકાયો નથી.

મોડીસાંજે વધુ ૪ ઉમેદવારોના નામો જાહેર કરાયા હતા. જેમાં કચ્છની ત્રણ બેઠકો અને જામનગરની એક બેઠક માટે એમ ૪ ઉમેદવારોને મેન્ડેડ અપાયો હતો. હજુ ૮ ઉમેદવારોના નામો જાહેર થવાના બાકી છે. જોકે મોડીરાત્રે જાહેર થશે એમ મનાય છે. અત્યારે જે કચ્છના ૩ ઉમેદવારોની મેન્ડેડ અપાયો તેમાં ભૂજની બેઠક માટે આદમ ચાકી, અબડાસા માટે પ્રદ્યુમનસિંહ જાડેજા, જ્યારે રાપરની બેઠક માટે બચુ આરેઠીયાને મેન્ડેડ અપાયા છે. આ ઉપરાંત જામનગરના જામખંભાળીયા બેઠક પર પૂર્વ સાંસદ વિક્રમ માડમને મેન્ડેડ અપાયો છે.

આજે દિવસ દરમિયાન સાંસદ એહમદ પટેલ, પ્રભારી અશોક ગેહલોત અને પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સતત ડેમેજ કંટ્રોલની પ્રક્રિયામાં ઓતપ્રોત રહ્યા હતા. કાર્યકરોની લાગણી સાંભળી યોગ્ય કરવાની હૈયાધારણ આપી હતી. જોકે મોડીરાત સુધી વિધિવત જાહેરાત કરાઈ નહોતી.

# મોદીની સરકાર વિશ્વની ત્રીજી સૌથી વિશ્વાસનીય સરકાર

ન્યુ દિલ્હી,તા.૨૦

કેન્દ્રની મોદી સરકારના ૩.૫ વર્ષના કાર્યકાળથી ભારતની જનતા ખૂબ જ ખુશ છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમના સર્વે અનુસાર, વિશ્વમાં પોતાની જનતાનો વિશ્વાસ જીતનારી સરકારોમાં ભારતની મોદી સરકાર ત્રીજા સ્થાન પર છે. આ સર્વેમાં પહેલા સ્થાન સ્વિટ્ઝરલેન્ડની સરકાર અને બીજા સ્થાન પર ઈન્ડોનેશિયાની સરકાર છે. સર્વેમાં સ્વિટ્ઝરલેન્ડની સરકરા પર ૮૨% જનતાએ વિશ્વાસ કર્યો છે, જ્યારે ઈન્ડોનેશિયાની સરકાર પર પણ ત્યાંની ૮૨% જનતાએ વિશ્વાસ કર્યો છે. ભારતમાં મોદી સરકાર પર દેશની ૭૩% વસ્તીએ વિશ્વાસ કર્યો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન નોટબંધી અને જીએસટીને લઈને વિપક્ષના આરોપોનો સામનો કરી રહેલી મોદી સરકારના માટે આ સર્વે એક ખુશખબર સાબિત થઈ છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમે આ રિપોર્ટને ટાંકીને કહ્યું કે, ''લગભગ ભારતના ત્રીજા ભાગની વસ્તી મોદી સરકારમાં વિશ્વાસ ધરાવે છે. આ પાછળ સરકાર દ્વાર ભરવામાં આવેલ ભ્રષ્ટાચાર વિરોધી પગલાઓ અને ટેક્સ રિફોર્મ માટેના પગલાઓ જવાબદાર હોવાનું લાગી રહ્યું છે.'' આ પહેલા શુક્રવારે અમેરિકાની ક્રિડેટ એજન્સી મૂડીઝએ કહ્યુ કે, નોટબંધી અને જીએસટીનો ભારતીય અર્થવ્યવસ્થા પર હકારાત્મક અસર થઈ છે.





જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

શું તમે જાણો છો ?
ડાયાબીટીશ, મેદસ્વીતા, ફુલી ગયેલું પેટ, અને જરૂર કરતા વધારે વજન એ શરીરની એક ચિંતાજનક બિમારી છે. જો સમયસર તેની કાળજી લેવામાં ન આવે તો અકાળે મૃત્ય પણ થઈ શકે છે.
તેમાંથી મુક્તિ મેળવવા આજે જ સંપર્ક કરો.
વૈદ્યશ્રી નંદકુમાર
મો. 8401433718, 9265439463
અમારી આ સારવાર સંપૂર્ણ આયુર્વેદિક છે. ઘરે બેઠા સારવાર મેળવો.

bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
101, First Floor, Haveli Arcade, Sector-11, Gandhinagar. M. : 8871887150

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય